# Std 11 Gujarati Textbook Solutions Chapter 10 બે લઘુકથાઓ

## ઠેસ સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. પુત્રવધૂ સાસુને ઉમળકાભેર શું બતાવી રહી હતી?**
ઉત્તર :
પુત્રવધૂ સાસુને ઉમળકાભેર બજારમાંથી ખરીદી લાવેલા કાપડના જુદા જુદા પીસ બતાવી રહી હતી.

**પ્રશ્ન 2. વહુએ બધા પીસ કેમ સંકેલી લીધા?**
ઉત્તર :
વહુને સાસુના શબ્દો – કેમ ન ગમે? બધું કાપડ સરસ છે’ – માં રણકાર જણાયો નહિ એટલે એણે બધા પીસ સંકેલી લીધા.

**પ્રશ્ન 3. સાસુને જુદા જુદા પીસ જોતાં કોણ યાદ આવ્યું?**
ઉત્તરઃ
સાસુને જુદા જુદા પીસ જોતાં દીકરી યાદ આવી.

**2. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ‘ઠેસ’ લઘુકથાના શીર્ષકની યોગ્યતા વિશે નોંધ લખો.**
ઉત્તરઃ
ઠેસ’ લઘુકથામાં એક સામાન્ય ઘટના છે. પુત્રવધૂ બજારમાંથી કાપડ ખરીદી લાવી સાસુને ઉમળકાભેર બતાવે છે, પરંતુ સાસુના ચહેરા પર પ્રસન્નતા જોવા મળતી નથી. સાસુ કમુબહેન ત્યારે અતીતની ઘટના તરફ ખેંચાય છે. એમની સ્મૃતિમાં દીકરીવાળો પ્રસંગ તાજો થાય છે.

દીકરીએ ઉનાળાના વેકેશનમાં કાલા ફોલીને એકઠી કરેલી મજૂરીની રકમમાંથી કૉલેજમાં પહેરવા માટે મનપસંદ કાપડ લઈ આવી ત્યારે દીકરીને કહ્યું હતું, “કાલાની રકમ તો તારી ફી અને ચોપડીઓ માટે હતી અને તું આ શું લઈ આવી? આવું મોંઘું કાપડ આપણને પોસાય?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તને ભણાવવાની છે, મોટાને પરણાવવાની છે, ઘરના ખર્ચા કાઢવાના છે, આપણને આવો વૈભવ ન પોસાય, બેટા !' એમના મનમાં આ વાત પડઘાતી હતી. એમનું મન બોલી ઊઠતું: દીકરી બિચારી પહેલી વાર કૉલેજમાં પહેરવા સારું કાપડ લઈ આવી, અને મૂઈ હું એ ન જીરવી શકી!"

હૈયાની આ ઠેસ કમુબહેનના ચહેરા ઉપર રાજીપો લાવવા દેતી નહોતી. આમ, આ લઘુકથાનું ઠેસ' શીર્ષક યોગ્ય છે.

## ઘા સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. નિશીથે ઘાસ કઢાવીને શું રોપવાનું કહ્યું?**

ઉત્તર :

નિશીથે ઘાસ કઢાવીને ફૂલછોડ રોપવાનું કહ્યું.

**પ્રશ્ન 2. આંગણું શાથી અવાવરું પડ્યું હતું?**

ઉત્તરઃ

ચોમાસા પછી સાફસૂફી થઈ નહોતી એટલે આંગણું અવાવરું પડ્યું હતું.

**પ્રશ્ન 3. કોદાળીનું પાનું કોના પગલા વચ્ચેથી ઊંડું ઊતરી ગયું છે?**

ઉત્તર :

કોદાળીનું પાનું નાયકની સ્વર્ગસ્થ પત્નીના ગારામાં સુકાઈ ગયેલા પગલા વચ્ચેથી ઊંડું ઊતરી ગયું છે.

**2. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ઘા' લઘુકથાના શીર્ષકની યોગ્યતા વિશે નોંધ લખો.**

ઉત્તર :

નિશીથની બા હતી ત્યારે ચોમાસા પછી ઘર આગળ ઊગી નીકળેલા ઘાસને સાફ કરતી. તે વખતે ભીની માટીમાં પગ ખૂંપી જવાને લીધે માટી સુકાયા પછી પગલું બીબારૂપ બની ગયેલું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પછીના ચોમાસે નિશીથને આંગણું સાફ કરવાનું યાદ આવ્યું નહિ એટલે વાર્તાનાયકે કોદાળી લઈ આંગણામાં ઘાસ અને ઊબડખાબડ હતું ત્યાં કોદાળીનો ઘા કર્યો.

ગારામાં સુકાઈ ગયેલા એક પગલાને ચીરતું કોદાળીનું પાનું જમીનમાં ઊંડું ઊતરી ગયું. તે સાથે જ નાયકના ચિત્તમાં પત્ની યાદ આવી ગઈ. કોદાળીનો ઘા ચિત્તમાં ક્ષોભનું કારણ બન્યો. તેથી લઘુકથાનું ઘા' શીર્ષક યોગ્ય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in